/૨૫

## <u>વિકલાંગ ઓળખકાર્ડ</u>

વિકલાંગ કર્મચારીઓને ઓળખકાર્ડ માટે આવક તથા રહેઠાણના પુરાવા રજુ કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૭/૧૦૭૭/છ-૧,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૫/૨૦૦૮
12 MAY 2008

**<u>વંચાણમાં લીધા :-</u>**

(૧) સા.ન્યા.અને અ.વિભાગનો તા.૨૫/૫/૨૦૦૫નો ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧
(૨) સા.ન્યા.અને અ.વિભાગનો તા.૨૦/૬/૨૦૦૭નો ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧
(૩) સા.ન્યા.અને અ.વિ.નો તા.૧૦/૯/૨૦૦૭નો ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧
(૪) સા.ન્યા.અને અ.વિ.નો તા.૩/૧૧/૨૦૦૭નો પત્ર ક્રઃઅપગ/વિક.ઓ.કાર્ડ/૦૭-૦૮/૩૦૫.

**<u>પ્રસ્તાવના :-</u>**

આ વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા ધ્વારા વિકલાંગ વ્યકિતઓને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી શકે તે માટે વિકલાંગ વ્યકિતઓને સમાજ સુરક્ષા ખાતા ધ્વારા ઓળખપત્રો કાઢી આપવામાં આવે છે. વિકલાંગ અરજદારને નવા ઓળખકાર્ડ કઢાવવા માટે અરજી સાથે આવકનો દાખલો, બે પાસપોર્ટ સાઇઝના ફોટા તથા રહેઠાણનો પુરાવો રજુ કરવાનો હોય છે. આવકના દાખલા હાલમાં **આમુખ (૧)માં દર્શાવેલ ઠરાવ મુજબ મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી ધ્વારા મેળવી રજુ કરવાનું ઠરાવેલ હોઇ**, સરકારી કચેરી કે ગ્રાન્ટ ઇન એઇડ મેળવતી સંસ્થાના વિકલાંગ કર્મચારીઓને પહેલા પોતે જયાં સેવા બજાવતા હોય તે કચેરી કે સંસ્થા પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવી તે પરથી તાલુકા મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી આવકનો દાખલો મેળવવો પડતો હોઇ આવા વિકલાંગ કર્મચારીઓ ધ્વારા આવકના દાખલા તેઓ જયાં સેવા બજાવતા હોય તે કચેરી/સંસ્થાના આવકના દાખલા માન્ય રાખવા નિયામક, સમાજ સુરક્ષા ખાતા ધ્વારા આમુખ (૪) આગળના પત્રથી રજુઆત કરવામાં આવેલ હતી. જે પરત્વે દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૧૧૪

125

ઠરાવ :-

આ સંબંધમાં વિચારણાને અંતે હવે સરકાર નીચે મુજબ ઠરાવે છે :-

(૧) કેન્દ્ર/રાજય સરકારની કચેરીઓમાં કે સરકારી ગ્રાન્ટ ઇન એઇડ મેળવતી સંસ્થાઓ તેમજ સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન તેમજ પંચાયત હસ્તકના વિકલાંગ કર્મચારીઓને પોતે જયાં સેવા બજાવતા હોય તે કચેરી કે સંસ્થા ધ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર વિકલાંગ ઓળખકાર્ડ કાઢી આપવાના હેતુ માટે ગ્રાહય રાખી શકાશે.

(૨) વિકલાંગ ઓળખકાર્ડ માટે રહેઠાણના પુરાવા તરીકે દરેક વિકલાંગે રેશનકાર્ડ રજુ કરવાનું રહેશે.

- આ હેતુસર કેટલાક કિસ્સાઓમાં વિકલાંગ વ્યકિતએ રેશનકાર્ડ કઢાવેલ હોતું નથી. કઢાવેલ હોય તો ખોવાઇ ગયેલ હોય છે. જેથી રહેઠાણના પુરાવા તરીકે રજુ કરી શકતા નથી. વિકલાંગ વ્યકિતઓ ઓળખકાર્ડ કઢાવવા રહેઠાણના પુરાવા રજુ કરવાની બાબતમાં સરળતા લાવવાના હેતુથી કોઇપણ વિકલાંગ રેશનકાર્ડની અવેજીમાં લાઇટ બીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ, ગ્રામ પંચાયત વિસ્તારના રહીશ માટે ઘર વેરાની પાવતી, ડ્રાઇવીંગ લાયસન્સ, મતદાર ઓળખકાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જેમાંથી કોઇપણ એક પુરાવો વિકલાંગ વ્યકિતના રહેઠાણના પુરાવા તરીકે રજુ કરી શકશે.

- આ માટે તા.૨૦/૬/૨૦૦૭ ના ઠરાવમાં જણાવ્યા મુજબ મહત્તમ આવક મર્યાદા રુ.ર.૫૦ લાખની જ રહેશે. આ સિવાય અન્ય શરતો યથાવત્ રહેશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૩/૨૦૦૮ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ આ હુકમો સંબંધકર્તા અધિકારીઓના ધ્યાન પર મુકી તેના યોગ્ય અમલ માટેની આનુષંગિક ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મા.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

વિભાગના સર્વે નાયબ સચિવ/સંયુક્ત સચિવ,
એકાઉન્ટન્ટસ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, ગાંધીનગર
( આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસનોટ આપવાની વિનંતી સાથે.)
વિભાગની છ/અ/અ.૧/ગ/જ/બજેટ શાખાઓ
પસંદગી ફાઇલ/ના.સે.અ.ની પસંદગી ફાઇલ.

પટેલ/સીએચ.૧/

નં. અપગ/ઓ.કાઉ/૦૮-૦૯/૨૭૧૪,
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪-૦૫-૨૦૦૮.

નકલ સવિનય રવાના:
(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
(૨) મહર્ષિ અષ્ટાવક્ર યોજના હેઠળ કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને.
(૩) નોડલ એજન્સી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૪) સંબંધિત ફાઇલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર